# વડોદરા મહાનગરપાલિકા

## તદ્દન હંગામી ધોરણે ૦૬ માસના કરાર આધારે ભરવા અંગેની જાહેરાત

## (જાહેરાત ક્રમાંકઃ૧૨૪૫/૨૦૨૫-૨૬)

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | આસીસ્ટન્ટ એન્જીનિયર (સિવિલ) | ૩૦ | 1. B.E./B.Tech. (Civil).<br>2. Age :- Not more than 45 years. | ૩૧,૨૫૦/- |
| ૨ | આસીસ્ટન્ટ એન્જીનિયર (મિકેનિકલ) | ૧૦ | 1. B.E./B.Tech. (Mechanical).<br>2. Age :- Not more than 45 years. | ૩૧,૨૫૦/- |
| ૩ | આસીસ્ટન્ટ એન્જીનિયર (ઇલેક્ટ્રીકલ) | ૦૫ | 1. B.E./B.Tech. (Electrical).<br>2. Age :- Not more than 45 years. | ૩૧,૨૫૦/- |
| ૪ | આસીસ્ટન્ટ એન્જીનિયર (ઇલે-મિકે) | ૦૫ | 1. B.E./B.Tech. (Ele. - Mech.) **OR**<br>B.E./B.Tech. (Ele.) **OR**<br>B.E./B.Tech. (Mech.)<br>2. Age :- Not more than 45 years. | ૩૧,૨૫૦/- |
| ૫ | વર્ક આસીસ્ટન્ટ (સિવિલ) | ૧૦૦ | 1. Diploma in Civil Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/- |
| ૬ | વર્ક આસીસ્ટન્ટ (મિકેનિકલ) | ૩૦ | 1. Diploma in Mechanical Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/- |
| ૭ | વર્ક આસીસ્ટન્ટ (ઇલેક્ટ્રીકલ) | ૨૦ | 1. Diploma in Electrical Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/- |

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ
## (જાહેરાત ક્રમાંકઃ૧૨૪૫/૨૦૨૫–૨૬)

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૨૮–૦૨–૨૦૨૬ (૧૩–૦૦ કલાક) થી તા.૦૯–૦૩–૨૦૨૬ (૨૩–૫૯ કલાક) સુધીમાં **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે. રૂબરૂ કે અન્ય કોઇ માધ્યમથી અરજી સ્વીકારવામાં આવશે નહીં.
3. સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૦૬ માસના કરાર આધારિત રહેશે.
4. માસિક ઉચ્ચક વેતન સિવાય અન્ય કોઇ પણ ભથ્થાં મળશે નહીં.
5. **ઉંમર તથા શૈક્ષણિક લાયકાત ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
6. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
7. અરજીપત્રકમાં ટકાવારી અચુકપણે દર્શાવવાની રહેશે. જો માર્કશીટ/પ્રમાણપત્રમાં ગ્રેડ કે સી.જી.પી.એ. દર્શાવેલ હોય તો તેનું ટકાવારીમાં રૂપાંતર કરી ફક્ત ટકાવારી દર્શાવવાની રહેશે.
8. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ કે સી.જી.પી.એ. દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક જરૂરિયાત અનુસાર ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે.
9. ઉમેદવારે ઓનલાઇન અરજીફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહિ.
10. **અનામતઃ** અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
11. સદરહું જાહેરાત માટેના રોસ્ટરક્રમ સરકારશ્રીના ધોરણો અનુસાર જાળવવામાં આવશે.
12. **શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ**

    શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટેની અનામત સરકારશ્રીના ઠરાવેલ ધારાધોરણ તેમજ વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઠરાવેલ ધારાધોરણ મુજબ જાળવવામાં આવશે.
13. **વયમર્યાદામાં છુટછાટઃ**
    1. તમામ જગ્યાઓ માટે મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ રાખવામાં આવેલ છે. જેથી અનામત વર્ગના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં વધુ કોઇ છુટછાટ મળવાપાત્ર રહેશે નહીં.
    2. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિં થતો હોય તો જ મળવાપાત્ર થશે.
    3. જે જગ્યાઓ **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારો માટે અનામત છે. તેવા **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪/૨૦૨૪–૨૫ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમુનામાં) કઢાવેલ નોન–ક્રિમિલેયર સર્ટીફિકેટ તા.૦૧–૦૪–૨૦૨૩ થી અરજી કરવાની છેલ્લી તા.૦૯–૦૩–૨૦૨૬ દરમ્યાન મેળવેલ હોય તેવું

પ્રમાણપત્ર ધરાવતા હશે તો અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

4. તમામ જગ્યાઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) ની કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે. તેવા આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૧૦–૦૩–૨૦૨૩ થી તા.૦૯–૦૩–૨૦૨૬ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ સદર કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
5. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્ધારા વખતોવખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવું જોઈએ.
6. સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

14. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્ધારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
15. ઉમેદવાર/અરજદારને તેમના પોતાના હિતમાં જાહેરાત સંબંધિત અન્ય કોઇ સુચના માટે તેમના દ્ધારા નોંધાયેલા ઈ–મેઈલ એકાઉન્ટને તપાસવાની તથા www.vmc.gov.in વેબસાઇટ સતત જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે.
16. ઓનલાઇન અરજી કરતી વખતે કોઈ નેટવર્ક સમસ્યા અથવા અન્ય તકનીકી સંબંધિત સમસ્યાઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.
17. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તેમજ અરજીમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય તે મુજબની અરજી રદ કરવામાં આવશે.
18. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/કરાર કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
19. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
20. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ વડોદરા મહાનગરપાલિકામાં રજુ કરવા.
21. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

22. ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ડિપ્લોમાં/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજ ના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગીની યાદી તૈયાર કરવામાં આવશે. જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક સરખાં ડિપ્લોમાં/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજ મેળવેલ હોય તો તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતાં ઉમેદવારને મેરીટક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.

23. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા ને રહેશે. અને આ માટે કોઇ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

24. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**ડે. મ્યુનિ. કમિશનર(વ)**

**તા.૨૬-૦૨-૨૦૨૬** **વડોદરા મહાનગરપાલિકા.**